ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 21st March, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

ભાવનગરમાં સૌ પ્રથમવાર 'સુભાષ ૧૨'( ૧૨" ઇંચના ટેલીસ્કોપ) દ્વારા ફાગપૂર્ણિમાએ 'સુભાષ પૂર્ણિમા આકાશ દર્શન'ના કાર્યક્રમનું આયોજન લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા થશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા ૧૭ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

આપણું પંચાગ એક વૈજ્ઞાનિક પદ્ધતિ વડે બ્રહ્માંડની ઘટનાઓ સાથે સતત સંકળાયેલું છે. આ પૈકીની એક ઘટના ૨૦ માર્ચ ના દિવસે નિહાળી. આ દિવસને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. આ ઘટના ફરી ૨૩ સપ્ટેમ્બરના દિવસે જોવા મળશે.જેનું કારણ સૂર્યના કિરણો વિષુવવૃત પર સીધા પડે છે. રાત અને દિવસ બને ૧૨-૧૨ કલાકના એટલે કે સરખા હોય છે. આ દિવસે સૂર્ય ક્રમશ: ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધની નજીક આવે છે.પંચાગમાં આ દિવસનું ખગોળીય અને પૌરાણિક મહત્વ છે. આ દિવસોમાં ઋતુ પરિવર્તન મહત્વનો ભાગ ભજવશે.

આપણા ખગોળવિદ્યાના જ્ઞાતા એવા સ્વ શ્રી સુભાષભાઈ મહેતાએ જીવન પર્યંત સુધી આ રહસ્યો લોકોને સમજાવતા રહ્યા.આ માટે ભાવનગરની ખગોળ રસીક જનતાને આ વિષયનું રસપ્રદ જ્ઞાન મળતું રહે એવા હેતુથી બાપુ ખગોળ મેળા અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પ્રેરિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તા.૨૧ માર્ચ, ૨૦૧૯ ગુરુવારના રોજ સાંજે ૦૭:૦૦ કલાક થી ૦૯:૩૦ કલાક સુધી તખ્તશ્વેર મંદિર ખાતે ચંદ્ર દર્શન તથા આજ ના દિવસનું ખગોળીય મહત્વ અને નક્ષત્રો વિશેની વધારે માહિતી લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટ શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા આપવામાં આવશે.ઉપરાંત **ભાવનગરમાં પ્રથમવાર ૧૨ ઇંચના ટેલિસ્કોપ 'સુભાષ ૧૨' દ્વારા ચંદ્ર દર્શન અને ગ્રહ દર્શન કરાવવામાં આવશે.**

ભાવનગરના ખગોળરસીક જનતાને આ ઘટના નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

20-03-2019

(હર્ષદ જોષી)

કોઓર્ડીનેટર-,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19